**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૨૯/૦૭/૨૦૧૭ શનિવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૫૩૩/૧૭**

## ખુનના ગુન્હામાથી પેરોલ જમ્પ કરી ફરાર આરોપીને ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચનાં સંયુકત પોલીસ કમિશ્નરશ્રી જે.કે.ભટ્ટ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી દીપન ભદ્રન તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી ડો. રાજદિપસિંહ ઝાલા નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં નાસતા ફરતા આરોપીઓ તથા પેરોલ ફર્લો જમ્પ આરોપીઓને શોધી કાઢવા સારુ ક્રાઇમ બ્રાંચના અધિકારીઓને સુચના આપેલ જે અનુસધાને ક્રાઇમ બ્રાંચના પોલીસ ઇન્સ્પેકટર શ્રી કે.જી.ચૌધરી, તથા પોલીસ સબ ઇન્સ્પેકટરશ્રી એન.આર.મકવાણા તથા પોલીસ સબ ઇન્સ્પેકટર શ્રી એસ.જે.જાડેજા તથા સ્ટાફનાં માણસો ને મળેલ બાતમી હકિકત આધારે સુરેન્દ્રસિંગ ઉર્ફે સંજુ S/O રામલખનસિંગ ભદોરિયા ઉવ. ૨૫ રહે. ૯, પાયલ પાર્ક સોસા., સાંઇબાબા પારિક પાસે, હરીપુર, મણિનગર ઇસ્ટ, અમદાવાદ શહેર મુળગામ- ચોમો થાના:- અટેર તા.જી. ભીંડ, મધ્યપ્રદેશ નાને તા.૨૮/૦૭/૨૦૧૭ ના રોજ ઝડપી પાડેલ છે.

પકડાયેલ આરોપીની પુછપરછ કરતા જણાવેલ પોતે અગાઉ સને ૨૦૧૫ ના બીજા મહિના મા નરોડા બાપાસીતારમ ચોક પાસે એક સોસાયટીમા પોતાના કાકાના દિકરા નીટુભાઇ ના લગ્ન ની જાન લઇ ને ગયેલ જ્યાં જમવા બેસેલ તે વખતે શુભમ ગુપ્તા નામના છોકરા જોડે ઝઘડોથયેલ અને તે બહાર થી તેના માણસો બોલાવી ને લાવેલ જેમા મારામારી થતા દુષ્યંત નામનો છોકરો મરણ જતા જે ખુન ના ગુન્હામા પોતાને નરોડા પોલીસ સ્ટેશન મા પકડવામા આવેલ અને નરોડા પોલીસ સ્ટેશન પો.સ્ટે I ગુ.ર.નં.૬૮/૨૦૧૫ ઇપીકો કલમ ૩૦૨, ૩૦૭ વિગેરે મુજબના ગુન્હામા સાબરમતી સેન્ટ્રલ જેલમા કાચા કામના કેદી નં. ૨૩૮૬/૧૬ થી જેલ મા હતો દરમ્યાન પોતાની પત્નિ ની તબિયત ખરાબ હોય પેરોલ ની માંગણી કરેલ અને તા.૧૧/૦૫/૨૦૧૬ ના રોજ પેરોલ રજા ઉપર છુટેલ અને તા.૨૮/૧૧/૨૦૧૬ ના રોજ સાબરમતી સેન્ટ્રલ જેલ મા પરત હાજર થવાનુ હતુ પરંતુ હું હાજર થયેલ ન હોય સદરી આરોપીને ડીટેઇન કરવામાં આવેલ છે. અને સદરી આરોપીને સાબરમતી જેલમાં સોપવાની તજવીજ કરવામાં આવેલ છે.

**<u>વૃન્દાવન એસ્ટેટના શેડ નં.૧૪ ની આગળ ખુલ્લી જગ્યામાં રેડ કરી છ જુગારીઓને પકડી કિ.રૂ. ૫૦,૬૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરી ધોરણસર કાર્યવાહી કરતી રામોલ પોલીસ અમદાવાદ શહેર</u>**

આજરોજ તા.૨૮/૦૭/૧૭ ના રોજ સંયુકત પોલીસ કમિશ્નરશ્રી વાઘેલા સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ડોકટર ગીરીશ પંડ્યા ઝોન-૫ સાહેબ તથા મદદનિશ પોલીસ કમિશ્નર રઘુવંશી સાહેબ તથા પોલીસ ઇન્સ્પેકટર શ્રી કે.એસ.દવે સાહેબ નાઓની સુચના આધારે જુગારની પ્રવૃતિ અટકાવવા તેમજ શોધી કાઢવા સારૂ અમો સર્વેલન્સ સ્કોડના માણસોની સાથે પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન કલાક ૧૯/૦૦ વાગે મહાદેવનગર ટેકરા પાસે આવતા પો.કો ભરતભાઇ મનુભાઇ બનં.૫૫૫૨ નાઓની બાતમી હકીકત આધારે મહાદેવનગર વૃન્દાવન એસ્ટેટના શેડ નં.૧૪ આગળ ખુલ્લી જગ્યામાં કેટલાંક ઇસમો ગોળ કુડાળુ વળી પૈસા પાનાથી હારજીતનો જુગાર રમી રમાડે છે અને હાલમાં પ્રવૃતિ ચાલુ છે જે હકીકત આધારે સદરી જગ્યાએ રેડ કરી જુગાર રમતા છ ઇસમોને રોકડા રૂ.૨૫,૧૦૦/- તથા છ મો.ફોન કિ.રૂ.૨૫,૫૦૦/-ની મળી કુલ્લે કિ.રૂ.૫૦,૬૦૦/-ની મત્તા સાથે પકડી તમામની વિરૂધ્ધમાં ધી જુગારધારા કલમ ૧૨ મુજબ કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

---

**<u>સરદારનગર પોલીસ સ્ટેશનઃ-</u>**

આજરોજ અમદાવાદ શહેર ના મે. પોલીસ કમિશ્નર શ્રી તથા અધિક પો. કમિશ્નર સેકટર ૨ સાહેબના હુકમથી તથા ઝોન-૪ સા શ્રી તથા મ.પો.કમિશ્નર શ્રી જી'ડીવીજન નાઓની જાણ સારૂ પો.ઇન્સ શ્રી એચ.બી ઝાંલા સાહેબ નાઓની સુચનાથી પોસઇ પી.જે.ખરસાણ તથા હે.કો.જીવણભાઇ મેઘજીભાઇ બ.ન.૭૫૫૦ તથા પો.કો.પ્રવિણસિંહ દેવેન્દ્રસિંહ બ.ન.૪૮૯૭ તથા પો.કો.દર્શનસિંહ પ્રવિણસિંહ બ.ન.૬૧૫૬ તથા પો.કો.શક્તિસિંહ લાલુભા બ.ન.૩૧૨૯ તથા પો.કો.સંદિપસિંહ કોદરસિંહ બ.ન.૩૫૦૩ તથા પો.કો. વિક્રમસિંહ સુખદેવસિંહ બ.ન.૬૨૧૯ તથા વુ.પો.કો.રેણુકાબેન મહેન્દ્રસિંહ બ.ન.૧૦૯૫ તથા બીજા સ્ટાફના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમા પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સાથેના પો.કો.પ્રવિણસિંહ દેવેન્દ્રસિંહ નાઓને હકીકત મળેલ કે છારાનગર ફ્રી કોલોની માં રહેતી બાઈ નામે સરોજબેન ઇન્દ્રેકર પોતાના મકાનમાં કેટલોક પરપ્રાંત નો ઇંગ્લીસ દારૂનો જથ્થો રાખેલ છે જે હકીકત આધારે સદરી જગ્યાએ બે પંચોના માણસોને સાથે રાખી સદરી મકાનમાં રેડ કરતા નાઓ <u>સરોજબેન વા/ઓફ ગોપાલભાઇ મોહનભાઇ ઇન્દ્રેકર ઉ.વ.૫૫ રહે.ફ્રી કોલોની છારાનગર કુબેરનગર, અમદાવાદ શહેર</u> નાની હાજર મળી આવેલ બાદ સદરી સાથે રાખી પંચો રૂબરૂ મકાનમાં તપાસ કરતા મકાનમાથી <u>એપિસોડ કલાસિક વ્હિસ્કી નંગ-૭૦ કિં.રૂ.૩૫,૦૦૦/- મતાનો</u> મળી આવતા પંચનામા વિગતે કબ્જે કરી કાયદેસર ની કાર્યવાહી કરેલ છે. આમ, સરદારનગર પોલીસ દ્વારા ગણના પાત્ર પ્રોહીબીશનનો જથ્થો શોધી પ્રસંશનિય કામગીરી કાર્યવાહી કરેલ છે. તા.૨૯/૦૭/૨૦૧૭.

---

## <u>નિકોલ પોલીસ સ્ટેશનઃ</u>

<u>નિકોલ પો સ્ટેશન ની પોલીસે ગોકુલગેલેક્ષી ના મકાનમાં હારજીત નો જુગાર રમતા ૧૧ જુગારીઓ ની કરી ધરપકડ</u>

આજરોજ મે પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા મે અધીક પો કમિશ્નર શ્રી સેક્ટર-૨ અમદાવાદ શહેર તથા મે. ના. પો. કમિશ્નર શ્રી ઝોન-૫ અમદાવાદ શહેર તથા મે મદદનીશ પો કમિશ્નર શ્રી આઇ ડીવીઝન અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ નિકોલ પો સ્ટેશન ના પોલીસ ઇંસ્પેક્ટર એન.એન.પારગી તથા સર્વેલન્સ સ્કોડ ના સ્ટાફ ના માણસો સાથે પો સ્ટેશન વીસ્તાર માં જુગાર ની પ્રવુતી અટકાવવા પો સ્ટેશન વીસ્તાર માં પેટ્રોલીંગ કરી ખાનગી બાતમી આધારે આરોપી (૧) ભરતભાઈ જીતુભાઈ ગજ્જર ઉ.વ.૩૩ રહે.મ નં.એ/૨૨/૪ ગોકુલ ગેલેક્ષી ફ્લેટ ફફવાડા ગામ રોડ નિકોલ અમદાવાદ (૨) ભાવેશભાઈ જોરૂભાઈ ચાવડા ઉ.વ.૩૦ રહે.મ નં.એ/૫૦૩ શ્રીરામ વાટીકા હરીદર્શન ચાર રસ્તા નરોડા અમદાવાદશહેર (૩) અલ્પેશભાઈ શાંતીભાઈ પરમાર ઉ.વ.૩૨ રહે.મ.નં.એ /૧૦ સ્વામીનારાયણ પાર્ક હરીદર્શન ચાર રસ્તા નરોડા અમદાવાદશહેર (૪) ઈલેષકુમાર માણેકલાલ પટેલ ઉ.વ.૩૩ રહે.મ.ન.બી/ ૩૦૨ શ્રીરામ વાટીકા હરીદર્શન ચાર રસ્તા નરોડા અમદાવાદશહેર (૫) જયેન્દ્રસિંહ સતુજી ચાવડા ઉ.વ.૩૨ રહે.મ.ન.બી/૧૦૩ શ્રીરામ વાટીકા હરીદર્શન ચાર રસ્તા નરોડા અમદાવાદશહેર (૬) અનીલ ભાઈ કંતીભાઈ પટેલ ઉ.વ.૩૫ રહે.મ.ન.૬૫ શ્રીધરબાગ સોસા. સંગાથ ચોકડી દેવસ્ય સ્કુલ ની સામે નિકોલ અમદાવાદશહેર (૭) ચંદરભાઈ ભગાજી મારવાડી(હીરાગર) ઉ.વ.૩૭ રહે.મ.ન.એ/૪૦૪ શ્રીરામ વાટીકા હરીદર્શન ચાર રસ્તા નરોડા અમદાવાદશહેર (૮) ધવલ શશીકાંત મહેતા ઉ.વ.૩૫ રહે.મ.ન.બી/૫૦૪ શ્રીરામ વાટીકા હરીદર્શન ચાર રસ્તા નરોડા અમદાવાદ શહેર (૯) અજયસિંહ પ્રવીણસિંહ ચૌહાણ ઉ.વ.૨૮ રહે.મ.ન.એ/૬૯ શ્યામલ પાર્ક શીવશક્તિનગર ની સામે નિકોલ નરોડા રોડ અમદાવાદ શહેર (૧૦)દેવાંગ હસમુખભાઈ પટેલ ઉ.વ.૩૨ રહે.મ.ન.બી/૨ આકાશપાર્ક સોસાયટી શક્તિનગરની બાજુ મા નિકોલ અમદાવાદ શહેર (૧૧) વિરભદ્રસિંહ અર્જુનસિંહ રાઠોડ ઉ.વ.૩૨ રહે.મ.ન.બી /૪૯ સુમતીનાથ સોસાયટી નોબલ સ્કુલ ની બાજુ મા નવા નરોડા નિકોલ અમદાવાદ શહેરનાઓને આરોપી નં (૧) ના મકાન માથી પકડી લઇ અંગઝડતીમાંથી તથા દાવના નાણા તથા મોબાઈલ ફોન તથા વાહનો મળી મળી કુલ્લે કી રૂ.૮.૩૨, ૯૦૦/- તથા જુગાર રમવાના સાધનો સાથે પકડી કાયદેસરની કાર્યવાહી કરેલ છે .તા.૨૯/ ૦૭/૨૦૧૭

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.